Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું
અંક ૧૨
૫ ઓકટોબર

આ સો

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫

(૧૦૭) चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मण्णमाणो ।
लाभन्तरे जीविय बूहइत्ता, पच्छा परिन्नाय मलावधंसी ॥ ७ ॥

૧૦૭. આ જગતમાં જે કાંઈ ધન, સ્ત્રી, પુત્ર વા બીજી જે કાંઇ સુખની સાધન સામગ્રી છે, તે તમામને એક ફાંસા જેવી માનીને તેના તરફ ફૂંકી ફૂંકીને ડગ ભરવાં ઘટે. અર્થાત તે સચેતન વા અચેતન તમામ સામગ્રીનો સાધન તરીકે ઉપયોગ કરતાં બરાબર સાવધાન રહેવું ઘટે–ક્યાંય એ સામગ્રી પોતાને ફસાવી ન દે–લલચાવી ન પાડે એ જાતની સાવધાની રાખીને બીતાં બીતાં એ સામગ્રીનો ઉપયોગ કરવો ઘટે જ્યાં સુધી શરીર સશક્ત હોય ત્યાં સુધી પોતાની ચિત્તશુદ્ધિની સાધનાના ખાસ લાભ માટે જ તેનો વધારેમાં વધારે ઉપયોગ કરવો ઘટે. અર્થાત ચિત્તશુદ્ધિની સાધના પૂરતું જ શરીરને સંભાળવું–સાચવવું કે બચાવવું ઘટે, પણ પછી જ્યારે એ શરીર પોતાની એ સાધનામાં ખપ આવે એવું ન જણાય–ઉલટું વિઘ્નકારી લાગે ત્યારે મેલની પેઠે તેનો ત્યાગ કરવો ઘટે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૧ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પુંડરિક સ્વામીનું સ્તવન | (મનમોહનવિજય) | ૯૭ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૧૦ | (સ્વ. મૌક્તિક) | ૯૮ |
| ૩ | આગારોનું અવલોકન | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૧૦૧ |
| ૪ | સમકિત અંગે તાત્ત્વિક વિચારણા : ૫ | (શાહ ચત્રભુજ જેચંદ) | ૧૦૭ |
| ૫ | સુપાત્ર દાન | (વલભદાસ નેણસીભાઈ-મોરબી) | ૧૦૯ |



શા ર દા પૂ જ ન વિધિ

### જૈન વિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈન વિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથેસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત દશ નયા પૈસા :: સો નકલના રૂ. ૧૦-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


### સભાસદોને સૂચના

બહારગામના લાઈફ મેમ્બરોમાંથી કેટલાંએક બંધુઓએ પોસ્ટેજ મોકલીને **ભારતીય દર્શનની રૂપરેખા** નામનું પુસ્તક (સં. ૨૦૨૦ ની સાલનું) ભેટ તરીકે પોસ્ટેજના ૩૦ નયા પૈસા મોકલી મંગાવી લીધું છે. હજુ જેઓએ ન મંગાવ્યું હોય તેઓએ નીચેનું પુસ્તક સાથે ૬૦ પૈસા મોકલી બેઉ પુસ્તક સાથે મંગાવી લેવું, જેને મંગાવ્યું હોય તેને એક જ પુસ્તક મંગાવવું.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી સભાના પેટ્રન તથા લાઈફ મેમ્બરોને સં. ૨૦૨૧-૨૨ ના વર્ષની ભેટ આપવા માટે મળેલ આર્થિક સહાયથી "શ્રી મહાપ્રભાવિક નવસ્મરણ સ્તોત્ર સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ" નામે ક્રાઉન ૧૬ પેજી, પૂરા આઠ ફોર્મનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તકમાં નવસ્મરણ સ્તોત્રો ઉપરાંત નિત્ય સ્વાધ્યાય માટે ઉપયોગી બીજા ઘણા સ્તોત્ર સૂત્રો, મોટી સંખ્યામાં પ્રાચીન ભાવવાહી સ્તવનો, સ્તુતિ, સજ્ઝાયો વગેરે આપેલ છે. ઉપરાંત દર્શન પૂજન માટે શ્રી સિદ્ધચક્ર તથા શ્રી ગૌતમસ્વામિ ભગવંતના કલાત્મક ભાવવાહી ફોટા મૂકી પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવેલ છે. તો ટપાલ ખર્ચ ૩૦ પૈસા મોકલી મંગાવી લેવું.

—**જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૧ મું અંક ૧૨ | આસો | વીર સં. ૨૪૯૧ વિક્રમ સં. ૨૦૨૧ |
|---|---|---|


## પુંડરિકસ્વામીનું સ્તવન

પુંડરિક ગણધર ધ્યાવું હું નિશદિન પુંડરિક ગણધર ધ્યાવું;
આદિ જિણંદનો પ્રથમ ગણધર, નિશદિન તોરા ગુણ ગાઉં. હું નિ૦ ૧

એક દિન જિનજીને પુંડરિક પૂછે, કિયે સમયે શિવ જાઉં;
કહો સમય સ્થાન કૃપા કરી મુજને, તુમ ચરણ નિત્ય ધ્યાવું. હું નિ૦ ૨

જિનવર કહે સુણ પુંડરિક ગણધર, સિદ્ધાચલ પર જઇને;
કલ્યાણકારી અણસણ ધારી, મુક્ત થઇશ શિવ લઇને. હું નિ૦ ૩

કલિકાલે એ ગિરિવર હોશે, તુજ નામે વિખ્યાતઃ
જે જન ધ્યાન ધરે એ ગિરિનું, પામશે સુખ દિનરાત. હું નિ૦ ૪

હર્ષને પામી પુંડરિકસ્વામી, સુણી જિનવર વાણી;
પંચ ક્રોડશું સિદ્ધગિરિ પામ્યા, કરી અણસણ શિવરાણી. હું નિ૦ ૫

ચૈત્રી પુનમ દિન યાત્રા કરતાં, પૂજા વિવિધ પ્રકાર;
તે દિન જો ઉપવાસ કરે તો, પંચ ક્રોડ ફલ સાર. હું નિ૦ ૬

પુંડરિક ગણધર પુંડરિક ગિરિવર, ધરશે જે જન ધ્યાન;
મનોહર ભવસાગર પાર કરીને, મનમોહન શિવપુર સ્થાન. હું નિ૦ ૭

—મનમોહનવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો : : લેખાંક : ૧૦

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આ રીતે રૂચક પર્વત જે જંબૂદ્વીપની ઉત્તર ભરતક્ષેત્ર પૂરું થઇ ગયા પછી આવે છે તેની ચારે દિશાએ પોતાનાં સ્થાનક કરી રહેલી આઠ આઠ દેવીઓ–દિગ્‌કુમારીઓ, વચ્ચેથી ચાર અને વિદિશાએથી ચાર એમ ચાલીશ દિગ્‌કુમારીઓ તો સપરિવાર રૂચક પર્વતપરથી આવી અને આઠ આઠ દિગ્‌કુમારીઓ અધો અને ઉર્ધ્વલોકથી પોતાનાં સ્થાનકેથી સપરિવાર આવી અને તેમણે સ્વેચ્છાથી તીર્થંકર-ભાવી ભગવાનનું ધાત્રીકર્મ કરી સાફસુફી કરી અને કોઈ જાતનો કચરો આજુબાજુ એક યોજન સુધીના વિસ્તારમાં રહેવા દીધા નહિ અને જમીન પરથી કચરો વાળીને જમીન સાફ કરવા ઉપરાંત ત્યાં ફુલો પાથરીને, વરસાદ વરસાવીને જમીન નવપલ્લવિત કરી અને ભગવાનની ડૂંટી ચાર ઈંચ રહેવા દઇને બાકીનો ભાગ કાઢી નાખ્યો. આ સર્વ ક્રિયા કરતી વખતે ત્રિશલાના સર્વ સગાંસંબંધીઓ અને દાસદાસીઓ અને આખું રાજકુટુંબ ઊંઘી ગયું હતું. આ રીતે છપ્પન દિગ્‌ કુમારીઓએ ધાત્રી કર્મ કુલ કર્યું અને પોતાના તરફથી મહોત્સવ ઉજવ્યો અને તીર્થ-પતિનો જન્મોત્સવ ભજવી બતાવ્યો.

આવો મહોત્સવ મેં મુંબઇ માંગરોળ સભાના એક વાર્ષિક મહોત્સવ પ્રસંગે જોયેલો હોવાથી મને તેમાં રસ પડે છે અને તેથી અહીં જરા વિસ્તારથી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. રૂચક પર્વત સંબંધી હકીકત અહીં દ્વીપના નકશાની હકીકતમાં આપી છે. તેને માટે પૃ ૧૩૨ મુદ્રિત પુસ્તકમાં જોવું. મોટી સંઘયણમાં આ સંબંધી દિગ્‌ કુમારઓ માટેની હકીકત જોવી, પણ મને તે મળી નથી. મોટી સંઘયણી પ્રકરણ રત્નાકરના ચોથા ભાગમાં છપાઇ ગયેલી છે. મેં ક્ષેત્ર સમાસમાં પણ આ રૂચક પર્વતનું વર્ણન જોવા પ્રયત્ન કર્યો, પણ મને તે તેમાંથી મળ્યું નથી. આ ક્ષેત્ર સમાસ પણ ચોથા ભાગ પ્રકરણ રત્નાકરમાં છપાઇ ગયેલ છે. છપ્પન દિગ્‌ કુમારીનો મહોત્સવ આકર્ષક બની શકે છે અને તે ખરેખર ઊજવવા લાયક છે.

બનશે તો રૂચકપર્વતનું વર્ણન આ પુસ્તકને અંતે કરીશ.

## પ્રકરણ નવમું

**જન્મોત્સવ દેવકૃત :**

પ્રભુને તેમની માતા સાથે નવીન બનાવેલ કદલીગૃહમાં સિંહાસન પર સ્થાપી દિગ્‌ કુમારીઓ વિદાઈ થઇ તે વખતે સૌધર્મેન્દ્રના સિંહાસન ચલાયમાન થયું. પોતાના જમણા સાથળને ચાલતો જોઈ સૌધર્મ ઇંદ્રને વિચાર થયો કે 'શું બનાવ બન્યો છે કે મારૂં સિંહાસન ચલાયમાન થયું?' પોતાના જ્ઞાનનો ઉપયોગ કરતાં અવધિજ્ઞાનથી તેમણે જાણ્યું કે ચોવીશમા તીર્થપતિનો જન્મ થયો છે.

આ દક્ષિણભરતનું રાજ્ય સૌધર્મેંદ્રને આપવામાં આવ્યું છે, તે ભરતક્ષેત્રની સારસંભાળ કરે છે અને પોતાની જાતને તેનો ઉપરી રાજા માને છે. આ સંબંધી હકીકત આપણે અગાઉ જોઈ ગયા છીએ. એમણે હરિણગમેષી દેવને હુકમ કર્યો કે તેણે સુઘોષાઘંટા વગાડવી.

સુધર્મા દેવલોકમાં એક એવી ગોઠવણ હોય છે સુઘોષાઘંટ સર્વ દેવોના વૈમાનોમાં સુઘોષા ઘંટા વાગે. ત્યાર પછી શું સુંદર કે અસુંદર કામ હોય તે ધ્યાન રાખીને સાંભળે છે. હિરણગમેષી દેવો જ્યારે સુઘોષા ઘંટા વગાડી અને જ્યારે સર્વ દેવલોકના વૈમાનિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવો ચમકી ગયા ત્યારે સ્વાભાવિક રીતે તેઓએ મોટી સુઘોષા ઘંટા વાગવાનું કારણ જાણવા ઇચ્છયું. તે વખતે હરિણગમેષી દેવે ખૂબ જોરથી જણાવ્યું કે 'દક્ષિણ ભરતદેશમાં ચોવીશમા તીર્થંકરનો જન્મ થયો છે અને તે માટે ઇંદ્ર ક્ષત્રિયકુંડે જઇ રહ્યા છે. જેમને (જે દેવને) આવવાની ઈચ્છા થાય તેમણે સીધા મેરૂ પર્વત પર આવવું.' આવો આકર્ષક સુંદર બનાવ જાણી કેટલાક દેવો રાજી થયા અને પોતાના વૈમાનો જે ઘોડા, હાથીના આકારના હતા તેને સજ્જ કરવા મંડી ગયા અને જિન જન્માભિષેક જરૂર જોવા જેવો થશે એમ પોતાની જાતને સમજાવવા લાગ્યા.

દેવો ઉપયોગ મૂકે તો અવધિજ્ઞાનથી આખો બનાવ જોઇ જાણી શકે, પણ દેવો તો લહેરી હોય છે અને આવો ઉપયોગ મૂકતા જ નથી.

દેવોના બે વિભાગ હોય છે: કેટલાક દેવો સમકિતદ્રષ્ટી હોય છે અને કેટલાક દેવો મિથ્યાદ્રષ્ટી હોય છે. જે સમ્યગ્દ્રષ્ટી દેવો હોય છે તેઓને ઘણો જ આનંદ થયો અને મેરૂ પર્વત તરફ ચાલ્યા, જ્યારે કોઇ મિથ્યાદ્રષ્ટી દેવો તો પોતાની દેવાંગના અને મિત્રના પ્રેર્યા મેરૂ પર્વત તરફ જવા લાગ્યા. દેવતાઓને કૌતુક બહુ ગમે છે, તેઓ તો રસ્તે જતાં પણ પોતાના અનેક આકારનાં વૈમાનોને લઇને બીજા દેવોની મશ્કરી કરે છે. પોતાના ગાય કે ભેંસના આકારના વૈમાનને અંગે બીજા સિંહ આકારના વૈમાન અંગે કહે કે 'એ દેવ ! તારા સિંહને દૂર કર, કારણ કે તે મારી ગાયને મારી નાખશે.' આવા આવા અનેક ચાળા કરતાં કૌતુકથી મેરૂ પર્વત પર આ જલસો જોવા ગયા, કેટલાક દેવો તો પ્રભુની ભક્તિ કરવાની પોતાને તક મળશે એવા શુદ્ધ ભાવથી મેરૂ પર્વતે ગયા અને કેટલાક દેવો અન્યની પ્રેરણાથી રમત જોવા ગયા.

આ તરફ સૌધર્મેન્દ્ર પણ તૈયાર થઈ ગયા. તેણે તો પ્રથમ ભગવંતની સ્તુતિ કરી. નમુથ્થુણં-શક્રસ્તવ જેના સંબંધમાં અગાઉ હકીકત રજૂ કરી ગયા છીએ તે કર્યા પછી સારાં વસ્ત્રો પહેરી એક સુંદર વૈમાનમાં તેમણે પોતાનું સ્થાન લીધું અને બીજા સર્વ દેવો તો મેરૂ પર્વતે ગયા, પણ આ સૌધર્મેન્દ્ર તો મગધ દેશના-બિહારના ક્ષત્રિયકુંડ નગરે આવ્યા અને ત્યાં આવી પોતે પાંચ રૂપ ધારણ કર્યા.

અહીં આપણે દેવતાના ચાર પ્રકારો અને ચોસઠ ઇન્દ્રો કેવા અને કોણ હોય છે તે જરા જોઇ જઇએ, એટલે આ મહોત્સવને સમજવાની કેટલીક સરળતા થઇ આવશે.

દેવતાના ચાર પ્રકાર છે: ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

પ્રથમ તેઓને રહેવાનાં સ્થાનો સમજી લઇએ. મેરૂ પર્વત આગળ એક સપાટ જમીન છે, ત્યાં જમીન એક સરખી છે, તેમાં જરાએ ઢાળ કે ઉપર નીચે જવા પણું નથી. એ જમીનનું નામ સમભૂતળા. આ જમીનની નીચે અને ઉપરના એક એક હજાર જોજન છોડી દેવાં. બાકીનાં ૧,૬૮,૦૦૦ જોજનમાં આ ભુવનપતિને રહેવાનાં સ્થાન આવેલાં હોય છે. તેમના દશ પ્રકાર હોય છે. તેમના દશે પ્રકારનાં નામ અનુક્રમે આ પ્રમાણે હોય છે: **અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર, અને સ્તનિતકુમાર.** એ દસે ભુવનપતિને રહેવાનાં સ્થાનો ઉપર જણાવ્યું તેમ ૧૭૮૦૦૦ જોજન ઉપર નીચે આવી રહેલાં છે. એક દક્ષિણે અને એક ઉત્તરે એમ દશે ભુવનપતિને મળીને વીશ ઈન્દ્રો હોય છે એટલે આ ભુવનપતિનાં નામથી ઓળખાતા દેવોના વીશ ઇંદ્ર કુલ હોય છે. આ ઇંદ્રો અને સર્વ ભુવનપતિ દેવો ભક્તિથી અથવા કૌતુક જોવા માટે પ્રભુના જન્માભિષેકમાં ભાગ લે છે તે આપણે હવે પછી યથાસ્થાને જોશું. અત્ર ધ્યાનમાં રાખવાની વાત એ છે કે ભુવનપતિના વીશ ઇંદ્રો હોય છે. એ ચોસઠ ઇંદ્રો પૈકીના જ છે અને તેઓ એક પ્રકારના અસુરો જ છે, પણ ઘણી મોટી સંખ્યાના હોય છે અને જન્માભિષેકાદિ કલ્યાણક વખતે તેમાં રસથી કે કૌતુકથી ભાગ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપણે બીજા પ્રકારના દેવો જોઇએ. તેઓ વ્યંતર જાતિના દેવો આવે છે. તેઓ પણ એક જાતના અસુરોજ છે. તેઓ ઉપર જે એક હજાર યોજન છોડી દીધાં તેમાં ઉપર અને નીચે સો યોજન અને સો યોજન મૂકી દેતાં બાકીના આઠશે યોજનમાં તેઓને રહેવાનાં સ્થાનક છે, એટલે તેઓ ત્યાં રહે છે. આ વ્યંતર અસુરોના આઠ પ્રકાર છે : તેઓનાં નામ અનુક્રમે આ પ્રકારે હોય છે : પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ અને ગાંધર્વ અને એ જ સ્થાનોમાં આઠ પ્રકારના વાણ વ્યંતર અસુરો અલગ રહે છે. તે આઠ પ્રકારના વાણ વ્યંતરોનાં નામ અનુક્રમે આ પ્રમાણે હોય છે : અણપન્ની પણ પન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પતંગ. આ આઠ પ્રકારના વાણ-વ્યંતરો પણ વ્યંતરને સ્થાને ૮૦૦ યોજનમાં ઉપર જણાવ્યું તેમ વ્યંતરોથી અલગ રહે છે આ વ્યંતરના પણ ઉત્તર દક્ષિણના આઠ આઠ મળીને સોળ ઇંદ્રો હોય છે તે તેના ઉપરી ગણાય છે અને વાણવ્યંતરના પણ ઉત્તર દક્ષિણના આઠ આઠ મળીને સોળ ઈંદ્રિ છે. એટલે વ્યંતર અને વાણ વ્યંતરના સર્વ મળીને બત્રીશ ઈંદ્રો થાય છે તે પૂર્વના ભુવનપતિના વીશ ઇંદ્રો સાથે મેળવતાં કુલ બાવન ઈંદ્રિ અત્યાર સુધીની ગણતરીમાં થયા. આ વ્યંતરો અને વાણવ્યંતરો પ્રભુના જન્માભિષેક આદિ કલ્યાણકોમાં હોંશથી કે કૌતુકને અંગે ઈંદ્ર સાથે ભાગ લે છે અત્યાર સુધીની ગણના પ્રમાણે બાવન ઇંદ્રો થયા

ત્રીજા પ્રકારના દેવો જ્યોતિષી કહેવાય છે. આ જ્યોતિષીદેવો સુરવર્ગના છે, તેઓને ત્યાં કોઈ અસુર હોતો નથી. તેઓના પાંચ પ્રકાર છે : સૂર્ય, ચંદ્ર, ગૃહ, નક્ષત્ર અને તારા અઢી દ્વીપની બહાર સ્થિર સૂર્ય. ચંદ્રનો પ્રકાર છે અને અઢી દ્વીપમાં તેઓ ચાર વર્ગના હાલતા ચાલતા હોય છે. ઉપર સંભુતલા પૃથ્વીથી સો સો જોજન આપણે છોડી આવ્યા તે પૈકી દશ જોજન ઉપર નીચે મૂકતાં બાકીના નેવું જોજનમાં તેઓ રહે છે, એટલે તેઓનાં નિવાસ સ્થાન એ નેવું નેવું યોજનમાં હોય છે. આ જ્યોતિષી દેવો પૈકી માત્ર ચન્દ્ર અને સૂર્યને જ ઇન્દ્રનું સ્થાન મળેલું છે તે ઉપર બાવન ઇન્દ્રો આપણે ગણ્યા તેની સાથે મેળવતાં ઇન્દ્રોની સંખ્યા ચોપન થઇ. આ સર્વ જ્યોતિષી દેવો પણ પ્રભુના જન્માદિ પ્રસંગે હોંશથી ભક્તિથી અથવા કૌતુકથી ભાગ લે છે.

ચોથા પ્રકારના દેવોને વૈમાનિક દેવો કહેવામાં આવે છે. તેમાં કોઈ પણ અસુર વર્ગમાં આવી શકતા નથી, પણ તેઓના બે પ્રકાર પડી જાય છે. જેઓ તીર્થંકરના જન્માદિ કલ્યાણકમાં ભાગ લે છે તેને **કલ્પોપન્ન** કહેવામાં આવે છે, અને જેઓ પોતાનાં સ્થાનમાં જ રહી ભક્તિ કરે છે, પણ પ્રભુને સ્થાને કે મેરૂ પર્વત પર અથવા નંદીશ્વરદ્વીપે જતા નથી તેઓ **કલ્પાતીત વૈમાનિક** દેવ કહેવાય છે ઉપર જણાવેલા કલ્પોપન્ન વૈમાનિક દેવોના દશ ઈંદ્ર હોય છે. ઉપર જણાવેલ ૧૮૦૦૦૦ યોજન મુકી દીધા પછી પ્રથમ દેવલોક આવે છે, તે દેવલોકનો એક ઇન્દ્ર છે, આવી રીતે પ્રત્યેક દેવલોકના એક એક ઇન્દ્ર હોય છે, પણ નવમા અને દશમા બન્ને દેવલોકનો એક જ ઇન્દ્ર હોય છે અને અગિયારમા બારમા દેવલોકનો પણ એક જ ઇન્દ્ર હોય છે, એટલે બાર દેવલોકના કુલ દશ ઇન્દ્ર હોય છે તે પૂર્વે ગણેલા ૫૪ ઇન્દ્ર સાથે મેળવતાં કુલ ૬૪ (ચોસઠ) ઇન્દ્ર થાય છે દેવલોક વચ્ચે એક એક રાજલોકનું અંતર છે. જો આ સમગ્ર પૃથ્વીને પુરૂષાકાર ધારવામાં આવે તો મર્ત્યલોક નાભિને સ્થાને આવે છે અને આ દેવલોકો બરાબર હૃદય સ્થાને આવે છે. તેઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે છેઃ સૌધર્મ પ્રથમ દેવલોક છે. તે ઉપર જણાવેલ એક લાખ ને એંશી હજાર જોજન પછી દક્ષિણ દિશાએ એક રાજ ભૂમિ છોડ્યા પછી આવે છે અને ઉત્તર દિશાએ બીજુ ઇશાન દેવલોક આવે છે. તે પ્રત્યેકના એક એક ઇન્દ્ર હોય છે. તેની ઉપર એક રાજ ભૂમિ છોડ્યા પછી ત્રીજુ સનત્કુમાર દેવલોક દક્ષિણ દિશાએ આવે છે અને તેની સરખામણમાં ઉત્તર દિશાએ ચોથું માહેંદ્ર દેવલોક આવે છે. આ બન્ને સરખામણીમાં એક દિશાએ આવે છે અને સમાન ભૂમિ પર આવેલા છે. માત્ર તેઓનાં સ્થાનની દિશામાં ફેરફાર છે તે જાણી લેવું જરૂરી છે. ત્યાર પછી વળી એક રાજ ભૂમિ છોડતાં પાંચમું બ્રહ્મ દેવલોક આવે છે. તેનો પણ અલગ ઇંદ્ર હોય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આગારોનું અવલોકન

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

' આગાર ' એ પાઇય ( પ્રાકૃત ) ભાષાનો શબ્દ છે. એના વિવિધ અર્થ થાય છે : (૧) ઘર યાને ગૃહ, (૨) ગૃહસ્થ, (૩) [૧]અપવાદ, (૪) એક પ્રકારની ચેષ્ટા યાને ઇંગિત અને (૫) આકૃતિ યાને આકાર. આ પાંચ અર્થ પૈકી ત્રીજો અર્થ અત્ર પ્રસ્તુત છે અને એ અર્થવાચક ' આગાર ' શબ્દ જૈન પારિભાષિક ગણાય છે. એને લગતો સંસ્કૃત શબ્દ ' આકાર ' છે. એની વ્યુત્પત્તિ **યોગશાસ્ત્ર** (પ્ર ૩) ની સ્વોપજ્ઞ વૃત્તિ ( પત્ર ૨૧૫અ ) માં નીચે મુજબ અપાઈ છે :—

" आक्रियन्ते आगृह्यन्ते इत्याकारा:–कायोत्सर्गापवाद-प्रकारा: "[૨]

' આગાર 'નો ઉલ્લેખ મુખ્યત્વે કરીને **અન્નત્થ-સુત્ત**માં તેમજ પ્રત્યાખ્યાનને લગતાં વિવિધ સૂત્રોમાં જોવાય છે. **અન્નત્થસુત્ત**નો ઉપયોગ કાયોત્સર્ગ ( પા. કાઉસ્સગ્ગ )ને અંગે કરાય છે એથી એ સૂત્રને ' કાયોત્સર્ગ–સૂત્ર ' તરીકે ઓળખાવાય છે. કાયોત્સર્ગ અભગ્ન અને અવિરાધિત રહે તે માટે એ ક્રિયા દરમ્યાન જાતજાતના આગાર યાને અપવાદ આ સૂત્રમાં ગણાવાયા છે અને કેટલાકનું ' આઇ 'થી સૂચન કરાયું છે એમાં નામ નિર્દેશપૂર્વકના બાર આગાર પાઇયમાં દર્શાવાયા છે. તે હું અહીં એનાં સંસ્કૃત નામો સહિત દર્શાવું છું :—

(૧) ઊસસિઅ ( ઉચ્છ્વસિત ) (૨) નીસસિઅ ( નિ:શ્વસિત ) (૩) ખાસિઅ ( કાસિત ), (૪) છીઅ ( ક્ષુત ), (૫) જંભાઇઅ ( જૃંભિત ), (૬) ઉડ્ડુઅ (ઉદ્‌ગાર), (૭) વાય–નિસગ્ગ (વાત–નિસર્ગ), (૮) ભમલી ( ભ્રમરી ), (૯) પિત્ત–મુચ્છા ( પિત્ત–મૂર્ચ્છા ) (૧૦) સુહુમ અંગ–સંચાલ ( સૂક્ષ્મ અંગ–સંચાલ), (૧૧) સુહુમ ખેલ–સંચાલ (સૂક્ષ્મ શ્લેષ્મ સંચાલ ) અને (૧૨) સુહુમ દિટ્ઠિ–સંચાલ ( સૂક્ષ્મ દૃષ્ટિ સંચાલ ). ' સંચાલ 'ને બદલે ' સંચાર ' શબ્દ પણ વપરાય છે.

હવે હું આ પ્રત્યેકનો અર્થ સૂચવું છું :—

ઉચ્છ્વસિત=ઊંચો અથવા પ્રબળ શ્વાસ. મુખ કે નાક વડે શરીરની અંદર લેવાતો શ્વાસ. 'ઉચ્છ્વાસ' યાને ઉચ્છ્વસિત કહેવાય છે. ઉચ્છ્વાસને રોકવાથી તરત મરણ થાય.[૧]

નિ:શ્વસિત=નીચો શ્વાસ. આ શ્વાસ મુખ કે નાક વડે શરીરમાંથી બહાર કઢાય છે. એને ' નિ:શ્વાસ ' કહે છે.

કાસિત=ખાંસી, ઉધરસ. 'કાસ'ની વ્યાખ્યા ચરક–સંહિતા (ચિકિત્સા–સ્થાન, અ. ૧૮, શ્લો. ૬–૮) માં અપાઇ છે.

ક્ષુત=છીંક. આ 'ઉદાન' વાયુને આભારી છે.

જૃંભિત=[૨]બગાસું. મોઢું પહોળું કરાતાં નીકળતો પ્રબળ પવન તે ' બગાસું ' છે. આ પણ ' ઉદાન ' વાયુને આભારી છે.

ઉદ્‌ગાર=ઓડકાર. આ પણ ' ઉદાન ' વાયુને આભારી છે.

વાત–નિસર્ગ=અપાન યાને મલદ્વાર દ્વારા છૂટતો પવન. અપાન–વાયુનો સંચાર એટલે વાછૂટ.

ભ્રમરી–ચક્કર યાને ફેર.

---

૧ 'આગાર'નો આ અર્થ **ઉવએસપય** (ગા. ૭૨૮) ની ટીકામાં અપાયો છે.

૨ આવી વ્યુત્પત્તિ **આવસ્સય**ની હારિભદ્રીય ટીકા (પત્ર ૭૭૯આ)માં તેમજ **લલિતવિસ્તરા**માં જોવાય છે. આનો અર્થ એ છે કે મર્યાદિતપણે જે કરાય–મર્યાદિતપણે જે ગ્રહણ કરાય તે 'આકાર' યાને કાયોત્સર્ગના અપવાદોના પ્રકારો.

૧ જુઓ **આવસ્સય**ની નિજ્જુત્તિ (ગા. ૧૫૧૦).

૨ આને માટેનો સંસ્કૃત શબ્દ 'વિકાસ' છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિત્ત-મૂર્ચ્છા=પિત્તના પ્રકોપથી ઉદ્‌ભવતી મૂર્ચ્છા યાને બેભાન અવસ્થા

સૂક્ષ્મ અંગ-સચાલ ર)=સૂક્ષ્મ રીતે અંગનું સંચાલન. દા. ત. રૂંવાંટા ચડી આવવા, આંખના પોપચાં, ગાલ કે હાથપગના સ્નાયુઓનું ફરકવું તે સૂક્ષ્મ અંગ-સંચાર છે.

સૂક્ષ્મ શ્લેષ્મ-સંચાર=સૂક્ષ્મ રીતે શરીરમાં કફ અને વાયુનું સંચલન.

સૂક્ષ્મ દૃષ્ટિ-સચાર=સૂક્ષ્મ રીતે દૃષ્ટિનું ફરકવું-આંખનો પલકારો-એનું મટકું (નિમેષ) તે 'સૂક્ષ્મ દૃષ્ટિ-સંચાર' છે.

શરીરની સ્વાભાવિક ક્રિયાઓને લગતા આ બાર આગાર ઉપરાંતના આગાર 'આઈઅ'થી જે સૂચિત કરાયા છે તે **આવસ્સયની** નિજ્જુત્તિ (ગા. ૧૫૧૬) માં દર્શાવાયા છે. એ ઉપસર્ગોને આભારી છે. આવા ઉપસર્ગો તરીકે એમાં નીચે મુજબનાનો નિર્દેશ છેઃ-

(૧) આગ લાગી હોય તે ફેલાતી ફેલાતી આવી પહોંચે.

(૨) કોઈ શરીરને છેદવા માંડે.

(૩) મનુષ્યનું હરણ કરનાર-ચોર કે નૃપતિ ક્ષોભ કે અંતરાય કરે.

(૪) સાપ ડંસે કે એવો સંભવ જણાય.[1]

**પાંચ અતિચાર-જાતિ**-કાયોત્સર્ગને લગતા તમામ આગારોને **લલિતવિસ્તરામાં** નીચે મુજબ પાંચ અતિચાર-જાતિમાં વિભક્ત કરાયા છેઃ—

(૧) સહજ-ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસ એ સચિત્ત શરીર સાથે પ્રતિબદ્ધ છે. એથી કરીને એ બે સહજ યાને સ્વાભાવિક અતિચાર છે.

(૨) અલ્પ નિમિત્ત અને આગન્તુક—ખાંસી, છીંક તેમજ બગાસું એ વાયુના ક્ષોભ વગેરે અલ્પ નિમિત્તથી આવી પડતા અતિચાર છે.

(૩) બહુનિમિત્ત અને આગંતુક-ઓડકાર, વાછૂટ, ચક્કર અને પિત્તજન્ય મૂર્ચ્છા એ મહા અજીર્ણ વગેરેથી આવી પડતા અતિચાર છે.

(૪) નિયતભાવી અને અલ્પ-સૂક્ષ્મ અંગસંચાર, સૂક્ષ્મ શ્લેષ્મસંચાર અને સૂક્ષ્મ દૃષ્ટિસંચાર એ તમામ મનુષ્યોમાં સંભવતા હોવાથી નિયમે કરીને હોનારા અલ્પ અતિચાર છે.

(૫) બાહ્ય નિબન્ધન અને બાહ્ય-અગ્નિનો સ્પર્શ, ચોરનો ઉપદ્રવ, રાષ્ટ્રનો ક્ષોભ, સર્પદંશ ઈત્યાદિ બાહ્ય કારણથી ઉદ્‌ભવતા બાહ્ય અતિચાર છે.

**સમ્યક્ત્વ સંબંધી છ આગાર**-પવયણસારુદ્ધાર (દાર ૧૪૮)માં સમ્યક્ત્વના ૬૭ પ્રકારો ગણાવતી વેળા છ 'આગાર'નો ઉલ્લેખ કર્યો છે. એની ૯૩૯ મી ગાથામાં છ અભિયોગોને જિનશાસનની છીંડી કહી છેઃ **અભિયોગ એટલે એક જાતનો બલાત્કાર, અનિચ્છાએ-ન છૂટકે સેવાતો અપવાદ. અભિયોગ તે રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, સુરાભિયોગ,** કાન્તારવૃત્તિ **અને ગુરુનિગ્રહ છે.**

**શ્રાવકનાં વ્રતને અંગેના ચાર આગાર**—શ્રાવક એકથી માંડીને બાર વ્રત ગ્રહણ કરે ત્યારે તે ચાર આગારપૂર્વક તેમ કરે છે. એ 'આગાર' તે (૧) અન્નાભોગ, (૨) સહસા, (૩) મહત્તર અને (૪) સર્વસમાધિ પ્રત્યય છે. આ ચારેનું સ્વરૂપ લેખમાં આગળ વિચારાશે.

'પચ્ચક્ખાણ' એ પાઇય (પ્રાકૃત) ભાષાનો શબ્દ છે. એને અંગેનો સંસ્કૃત શબ્દ 'પ્રત્યાખ્યાન' છે. એના પ્રકારો અને ઉપપ્રકારો ઈત્યાદિનું નિરૂપણ વિવાહપણ્ણત્તિ (સ. ૬. ઉ. ૫, સુત્ત)માં કરાયું છે. ત્યાં કહ્યું છે કે (નહિ કરું એવી પ્રતિજ્ઞારૂપ) પ્રત્યાખ્યાનના બે પ્રકારો છેઃ (૧) મૂલગુણ-પ્રત્યાખ્યાન અને (૨) ઉત્તરગુણ-પ્રત્યાખ્યાન. તેમાં વળી મૂલગુણ-પ્રત્યાખ્યાનના બે પ્રકારો છેઃ ૧) સર્વ-મૂલગુણ-પ્રત્યાખ્યાન અને

---

1 આમ એકંદરે સોળ આગાર ગણાય છે. હેમચન્દ્રસૂરિના શિષ્ય **શ્રીચન્દ્ર** મુનીન્દ્રે **પચ્ચક્ખાણકપ્પાકપ્પવિચારમાં** કે જેને **લઘુપ્રવચનસારોદ્ધાર** કહેવામાં આવે છે તેમાં ૧૭મી ગાથામાં કાયોત્સર્ગના સોળ આગાર હોવાનું કહ્યું છે. આ ગાથામાં સમ્યક્ત્વના છ આગાર કહ્યા છે. તે 'અભિયોગ' તરીકે જાણીતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) દેશ-મૂલગુણ-પ્રત્યાખ્યાન. આ પ્રત્યેકના પાંચ પાંચ ઉપપ્રકારો છે.

ઉત્તરગુણ-પ્રત્યાખ્યાનના બે પ્રકારો છે: (૧) સર્વ-ઉત્તરગુણ-પ્રત્યાખ્યાન અને (૨) દેશ-ઉત્તરગુણ-પ્રત્યાખ્યાન. તેમાં પહેલા પ્રકારના નીચે મુજબ દશ ઉપપ્રકારો છે:—

(૧) અનાગત, (૨) અતિક્રાન્ત, (૩) કોટિસહિત, (૪) [1]નિયંત્રિત, (૫) સાકાર, (૬) નિરાકાર, (૭) કૃતિપરિમાણ, (૮) નિરવશેષ, (૯) સંકેત અને (૧૦) અદ્ધા'.

'અદ્ધા' પ્રત્યાખ્યાન સમયની—કાળની મર્યાદાવાળું પ્રત્યાખ્યાન છે. 'અદ્ધા'નો અર્થ 'કાળ' થાય છે. એથી આ પ્રત્યાખ્યાનને 'કાલિક પ્રત્યાખ્યાન' પણ કહે છે. આના નીચે મુજબ ૧૬ પ્રકારો છે:—

નમુક્કાર સહિત—મુટ્ઠિસહિય, પોરિસી, સડ્ઢપોરિસી, પુરિમડ્ઢ, અવડ્ઢ, એગાસણ, બિયાસણ, એગલઠાણ, આયંબિલ, નિવ્વિગઇય, તિવિહાર અબ્ભત્તટ્ઠ, ચઉવ્વિહાર અબ્ભત્તટ્ઠ, પાણહાર, ચઉવ્વિહાર, તિવિહાર અને દુવિહાર.

આને લગતાં સંસ્કૃત નામો નીચે પ્રમાણે છે:—

[2]નમસ્કાર સહિત—મુષ્ટિ સહિત, પૌરુષી, સાર્ધ-પૌરુષી, પૂર્વાર્ધ, અપાર્ધ, એકાશન, દ્વયશન, એકસ્થાન, આચામ્લ (આચામામ્લ), નિર્વિકૃતિક, ત્રિવિધાહાર [3]અભક્તાર્થ, ચતુર્વિધાહાર અભક્તાર્થ, પાનાહાર, ચતુર્વિધાહાર, ત્રિવિધાહાર અને દ્વિવિધાહાર.

૧ આ પ્રત્યાખ્યાન શ્રુતકેવલી, દશપૂર્વધર, અને જિન-કલ્પી માટે હોઈ હાલમાં આપણા દેશમાં એનો ઉચ્છેદ છે.

આ પૈકી "નમુક્કાર-સહિત મુટ્ઠિસહિય"થી માંડીને "ચઉવ્વિહાર અબ્ભટ્ઠ" સુધીનાં પ્રત્યાખ્યાન પ્રાભાતિક છે, જ્યારે બાકીનાં સાયંકાલને અંગેનાં છે.

૨ સામાન્ય જૈનો આને 'નોકારસી' કહે છે. કેટલાક 'નવકારશી' પણ કહે છે.

૩ આનો સામાન્ય અર્થ 'ભોજનના પ્રયોજન વિનાનું' થાય છે. એનો વિશેષાર્થ 'ઉપવાસ' છે.

અદ્ધા-પ્રત્યાખ્યાનના દસ ભેદ ગણાવતી વેળા ઉપર્યુક્ત કેટલાંક પ્રત્યાખ્યાનો ભિન્ન ગણાવાતાં નથી. પચ્ચક્ખાણ ભાસ (ગા. ૩)માં એ નીચે મુજબ દર્શાવાયા છે:—

(૧) નવકારસહિય, (૨) પોરિસી, (૩) પુરિમડ્ઢ, (૪) [1]એગાસણ, (૫) એકલઠાણ, (૬) આયંબિલ, (૭) અભત્તટ્ઠ, (૮) ચરિત્ર, (૯) અભિગ્ગહ અને (૧૦) વિગઇ.

આ પચ્ચક્ખાણોનાં સૂત્રો પૈકી દા. ત. 'એગાસણ'નું સૂત્ર જોતાં જણાય છે કે એમાં કેટલાક આગારનાં નામ 'આગાર'ના ઉલ્લેખ સહિત અપાયાં છે તો કેટલાકનાં કેવળ નામ જ રજૂ કરાયાં છે. આમ કરવા પાછળ કોઇ હેતુ છે કે નહિ અને હોય તો કયો એ જાણવું બાકી રહે છે.

પચ્ચક્ખાણનાં વિવિધ સૂત્રો વિચારતાં નીચે મુજબના ૨૨ આગારોને એમાં સ્થાન અપાયેલું જણાય છે:—

૧. અચ્છ, ૨. અણાભોગ, ૩. અલેવ, ૪. અસિત્થ, ૫. આઉટણ-પસારણ, ૬. ઉક્ખિત્ત-વિવેગ, ૭. ગિહત્થ-સંસટ્ઠ, ૮. ગુરુ-અબ્ભુટ્ઠાણ, ૯. ચોલ-પટ્ટ, ૧૦. દિસા-મોહ, ૧૧. પચ્છન્ન-કાલ, ૧૨. પડુચ્ચ-મક્ખિય, ૧૩. પારિટ્ઠાવણિય, ૧૪. બહુ-લેવ, ૧૫. મહત્તર, ૧૬. લેવ, ૧૭. લેવાલેવ, ૧૮. સવ્વ-સમાહિ-વત્તિય, ૧૯. સસિત્થ, ૨૦. સહસા, ૨૧. સાગારિય, અને ૨૨. સાહુવયણ.

આ પ્રત્યેકનું સંસ્કૃત સમીકરણ તે તે આગારની સમજણ આપતી વેળા હું કૌંસ દ્વારા સૂચવીશ. જ્યાં પાઇય અને સંસ્કૃતમાં ભેદ નથી ત્યાં કૌંસ આપીશ નહિ.

૧. અચ્છ—'અચ્છ' એટલે સ્વચ્છ, નિર્મળ.

૧ આને લગતા સૂત્રમાં પાંચ આગાર સાધુને લગતા છે. તેમ છતાં આ પચ્ચક્ખાણ શ્રાવક-શ્રાવિકાને અંગે હોય ત્યારે પણ સંપુર્ણ સૂત્ર બોલાય છે, નહિ કે પાંચ આગાર પુરતો પાઠ જતો કરીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ વાર ઉકાળેલું પાણી-નિર્જીવ જળ તેમ જ ફળ વગેરેનાં ધોવણ તે 'અચ્છ' કહેવાય છે.

૨. અણાભોગ (અનાભોગ)—આભોગ નહિ તે 'અનાભોગ' એનો અર્થ 'અત્યંત વિસ્મરણ' છે. અમુક વસ્તુનું પ્રત્યાખ્યાન કર્યા બાદ એવો ખ્યાલ જ ન રહે અને એવી વસ્તુ મોઢામાં મૂકાઇ જાય કે ખવાઇ જાય તો તે 'અનાભોગ' કહેવાય.

૩. અલેવ (અલેપ)—'અલેપ' એટલે લેપ નહિ તે. 'લેપ'થી ઓસામણ, આમલી, દરાખ વગેરેનું પાણી સમજવું એવી સામાચારી છે. અલેપ એટલે 'છાશનું નિતારેલું પાણી'.

૪ અસિત્થ (અસિક્થ)—સિક્થ નહિ તે અસિક્થ. 'સિક્થ' એટલે રાંધેલા ચોખા. 'ભાત વગેરેનું પાતળું ઓસામણ' એવો 'અસિક્થ'નો અર્થ કરાય છે.

૫. આઉંટણ-પસારણ (આકુંચન-પ્રસારણ)—આકુંચન એટલે સંકોચવું તે અને પ્રસારણ એટલે વિસ્તારવું તે. ઝંઝણી યાને ખાલી આવવાથી કે અન્ય કોઇ કારણથી શરીરનાં હાથ, પગ વગેરે અવયવોનો સંકોચ તે 'આકુંચન' છે જ્યારે એ અવયવોનો વિસ્તાર તે 'પ્રસારણ' છે.

૬. ઉક્ખિત્ત-વિવેગ (ઉત્ક્ષિપ્ત-વિવેક)—'ઉત્ક્ષિપ્ત' એટલે ઉઠાવી લીધેલ-ઉપાડી લીધેલ 'વિવેક' એટલે ત્યાગ. રોટલી, રોટલા વગેરે ઉપર ગોળ કે પકવાન્ન જેવી પિંડ-વિકૃતિ મૂકાઈ હોય તે તેના ઉપરથી ઉઠાવી લીધી હોય તો તેને 'ઉત્ક્ષિપ્ત-વિવેક' કહે છે.

૭. ગિહત્થ-સંસટ્ઠ (ગૃહસ્થ-સંસૃષ્ટ)—ગૃહસ્થ એટલે આહાર આપનાર-વહોરાવનાર અને સંસૃષ્ટ એટલે વિકૃતિ વગેરે દ્રવ્યથી લેપાયેલું-મિશ્રથયેલું.

આવસ્સયની નિજ્જુત્તિ (ગા. ૧૬૦૮)માં કહ્યું છે કે દૂધ, દહીં વિકૃતિઓ (ઓદન વગેરેથી) ચાર આંગળ ઊંચી હોય તો ત્યાં સુધી એ વિકૃતિઓ 'સંસૃષ્ટ' કહેવાય છે. જ્યારે ગોળ, તેલ અને ઘી (એ વિકૃતિઓ) એક આંગળ ઊંચી હોય ત્યાં સુધી...

૮. ગુરુ-અબ્ભુટ્ઠાન (ગુર્વભ્યુત્થાન)—ગુરુનું કે વડીલનું આગમન થતાં ઊભા થવું તે 'ગુર્વભ્યુત્થાન' છે આ દ્વારા ગુરુ વગેરેનો વિનય સચવાય છે.

૯. ચોલપટ્ટ (લિંગપટ્ટ)—'ચોલ' એ દેસિય (દેશ્ય) શબ્દ છે. એનો અર્થ 'પુરુષચિહ્ન' થાય છે. એને ઢાંકનારું વસ્ત્ર તે ચોલપટ્ટ છે. એનો શબ્દાર્થ વિચારતાં એ લંગોટ (લિંગપટ) ગણાય. જિતેન્દ્રિય મુનિઓ કે જે વસ્ત્ર વિનાના હોવા છતાં અવિકારી રહેનારા છે. તેઓ અમુક અમુક પ્રસંગે કટિવસ્ત્રના અભિગ્રહનું પણ પ્રત્યાખ્યાન કરે. એવા કોઇ મુનિ નિર્વસ્ત્ર બેઠા હોય અને કોઇ ગૃહસ્થ આવી ચડે તો ચોલપટ્ટ પહેરી લે તો પ્રત્યાખ્યાનનો ભંગ ન થયેલો ગણાય. અત્યારે અહીં તો આ આગાર સાધુઓ માટે શક્ય નથી. સાધ્વીઓને આ આગાર હોય જ નહિ, કેમકે તેઓ તો સદા વસ્ત્રધારી છે.

૧૦. દિસા-મોહ (દિક્-મોહ)—દિશાનો ખોટો ખ્યાલ-ભ્રમ-વિપરીત ભાસ તે દિક્મોહ છે. મુસાફરી વગેરેમાં કોઈકવાર દિશા ઉલટ સુલટ સમજાય અને એથી પોરિસી જેવા પ્રત્યાખ્યાનની કાળ મર્યાદામાં ભૂલથાપ થાય તો તે દિક્મોહ કહેવાય છે.

૧૧. પચ્છન્ન-કાલ (પ્રચ્છન્ન-કાલ)—પ્રચ્છન્ન એટલે છુપાયેલો ઢંકાયેલો-ગુપ્ત, અને 'કાલ' એટલે સમય યાને વખત વાદળાં થયાં હોય તેથી કે પવન વડે ખૂબ ધૂળ ઊડતાં કે ગ્રહણ થતાં સૂર્ય ઢંકાઇ જવાથી દેખાય નહિ ત્યારે પોરિસી વગેરેના સમયનો યથાર્થ નિર્ણય ન થાય-એને વિષે ભ્રમ ઉદ્ભવે તે પ્રચ્છન્ન-કાલને આભારી ગણાય છે.

૧૨. પડુચ્ચ-મક્ખિય (પ્રતીત્ય-મ્રક્ષિત)—'પ્રતીત્ય' એટલે 'આશ્રીને' અને 'મ્રક્ષિત' એટલે 'ચોપડેલ'. રોટલી વગેરેને-લૂખાં માંડા વગેરેને નરમ રાખવા માટે એને તૈયાર કરતી વેળા ઘી કે તેલની આંગળી લગાડી હોય તો એ 'પ્રતીત્ય-મ્રક્ષિત' કહેવાય છે. એમાં વિકૃતિનો અંશ રહેલો છે. આ આગાર શ્રમણ-શ્રમણીને અંગેનો છે.

૧૩. પારિટ્ઠાવણિયા (પારિષ્ઠાપનિકા)-ફરીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ લેવાની દૃષ્ટિએ કરાયેલો ત્યાગ તે 'પારિષ્ઠાપનિકા' છે એને સામાન્ય જૈનો 'પરઠવવું' કહે છે.

૧૪. **બહુ-લેવં** બહુ-લેપ)-'બહુ લેપ' એટલે 'ચોખા વગેરેનું ધોવણ' એવો અર્થ સામાચારીને અનુસરીને કરાય છે.

૧૫. **મહત્તર**-'મહત્' એટલે 'મોટું' અને 'મહત્તર' એટલે વધારે મોટું. કોઇ વિશિષ્ટ કારણ ઉપસ્થિત થતાં આચાર્ય કે સંઘ પ્રત્યાખ્યાન વહેલું પારવા કહે તો તેમ કરવું એ આગારનો સાર છે.

૧૬. **લેવ** (લેપ)-લેપનો અર્થ ઓસામણ, આમલી, દરાખ વગેરેનું પાણી કરાય છે.

૧૭. **લેવાલેવ** લેપાલેપ)-લેપાલેપ એટલે લેપનો અલેપ. આયંબિલમાં ન કલ્પે એવી વિકૃતિથી ભોજન કરવાનું પાત્ર કે ચાટવો વગેરે ખરડાયેલાં હોય એને લૂછી નાંખવાં તે 'લેપાલેપ' છે.

૧૮ **સવ્વ-સમાહિ-વત્તિય** (સર્વ સમાધિ-પ્રત્યય) સમાધિ એટલે સ્વસ્થતા અને પ્રત્યય એટલે કારણ તીવ્ર શૂળ વગેરે રોગ થતાં ચિત્તની સ્વસ્થતા ન જળવાય-ચિત્ત વિહ્વલ બને ત્યારે પ્રત્યાખ્યાનનો સમય ન થયો હોવા છતાં એ વહેલું પારવામાં આવે અને એ રીતે ચિત્તની સમાધિ જળવાય તો તે આ આગારને આભારી છે.

૧૯. **સસિત્થ** (સસિક્થ)-સિક્થથી યુક્ત તે 'સસિક્થ'. સિક્થ એટલે રાંધેલા ચોખા એના અંશથી યુક્ત તે 'સસિક્ત્થ' છે. પચ્ચક્ખાણભાસમાં વારંવારના ધોવણથી-ઘણી વાર ધોવાથી-ઉકાળવાથી તેનું જે પાણી તૈયાર થયું હોય તેને 'સસિક્ત્થ' કહે છે.

૨૦. **સહસા**-સહસા એટલે અચાનક, એકદમ, વર્ષા ઋતુમાં કાળજી રાખવા છતાં કોઈવાર પાણીનાં ટીપાં [1]મુખમાં અચાનક પેસી જાય કે દહીં વલોવતાં છાશના છાંટા એકાએક ઓચિંતા મુખમાં પડે તો તેને અંગેનો આ આગાર છે.

૨૧. **સાગારિઅ**-(સાગારિક)-'સાગારિક' એટલે ગૃહસ્થ. અગાર એટલે ગૃહ. સાધુને ગૃહસ્થના દેખતાં આહાર-પાણી કરવાનો નિષેધ છે એટલે એ આહાર-પાણી કરવા બેઠા હોય એવામાં એ સ્થળે કોઇ ગૃહસ્થ આવી ચડે તો એઓ અન્યત્ર જઇ આહાર-પાણી કરી શકે. આવી જોગવાઇ આ આગાર દ્વારા કરાઈ છે.

૨૨. **સાહુ-વયણ** (સાધુ-વચન)-સાધુ-વચન એટલે સાધુનું વચન યાને કથન સૂર્યોદયથી છ ઘડી વીતતાં સૂત્ર પૌરુષી પૂર્ણ થાય છે. એ વેળા પૌરુષી (પોરસી)નો જેટલો થયેલો હોય છે. સૂત્ર પૌરુષી થતાં સાધુ "ઉગ્ઘાડા પોરિસી" એમ બોલે છે. આ સાંભળી પોરિસીનું પ્રત્યાખ્યાન જેણે કર્યું હોય તે એ પારે તો તેને અંગેનો આ આગાર છે, કેમકે ખરી રીતે એ પ્રત્યાખ્યાન પારતાં થોડીક વાર છે.

**પ્રત્યાખ્યાન દીઠ આગાર-ગૃહસ્થના ક્યા** પ્રત્યાખ્યાનમાં કેટલા અને ક્યા ક્યા આગાર છે એ વાત હું નીચે પ્રમાણેના કોષ્ઠક દ્વારા રજુ કરું છું જેથી એક સામટો એનો ખ્યાલ આવે:-

| પ્રત્યાખ્યાન | આગારની સંખ્યા | આગારનાં નામ |
|---|---|---|
| નમુક્કાર-સહિય | ૨ | અણાભોગ અને સહસા |
| પોરિસી | ૬ | અણા૦, સહસા, પચ્છન્નકાલ, દિસામોહ, સાહુવયણ અને સવ્વ સમાહિવત્તિય |
| સડ્ઢપોરિસી | ૬ | ઉપર્યુક્ત છ |
| પુરિમડ્ઢ | ૭ | ,, ,, ઉપરાંત મહત્તર |
| અવડ્ઢ | ૭ | ઉપર્યુક્ત સાત |
| એગાસણ | ૮ | અણા૦, સહસા, સાગારિઅ, આઉંટણ પસારણ, ગુરુ અબ્ભુટ્ઠાણ, પારિટ્ઠાવણિયા, મહત્તર અને સવ્વ૦ |
| બિયાસણ | ૮ | ઉપર મુજબના આઠ |
| એગલઠાણ | ૭ | આઉંટણ સિવાયના, ઉપર મુજબના સાત |

[1] પંચાસગ (પં. ૫)ની અભયદેવસુરિકૃત ટીકા (પત્ર ૯૩ અ)માં કહ્યું છે કે ભોજન માટેનું પાત્ર વિકૃતિથી કે તીમન વગેરેથી ખરડાયેલું-લેપાયેલું હોય તો તે આયંબિલ કરનારને કલ્પે નહિ. એ લિપ્તતા તે 'લેપ' છે. એ ખરડાયેલા પાત્રને હાથ વગેરે વડે લૂછી નાખવું તે નિર્લેપતા યાને 'અલેપ' છે આમ કરવા છતાં લિપ્તતાનો કોઈ અંશ રહી ગયો હોય તો તેથી વ્રત ભાંગે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| નિવ્વિગઈ | ૯ | અણા૦, સહસા૦, લેવા૦, ગિહત્થ૦, ઉક્ખિત્ત, પડુચ્ચ, પારિટ્ઠાવણિયા, મહત્તર અને સવ્વ૦ |
| વિગઇ | ૯ | ઉપર મુજબ |
| આયંબિલ | ૮ | પડુચ્ચ૦ વિનાના વિગઈ અને નિવ્વિગઈની જેમ આઠ |
| ખમણ | ૫ | અણા૦, સહસા, પારિ૦, મહત્તર અને સવ્વ૦ |
| પાણહાર | ૬ | લેવ, અલેવ, બહુલેવ, અચ્છ, સસિત્થ અને અસિત્થ |
| અભિગ્રહ | ૪ | અણા૦, સહસા, મહત્તર અને સવ્વ૦ |
| સંકેત સહિત | ૪ | ઉપર મુજબ |
| દિવસ ચરિમ | ૪ | ઉપર મુજબ |
| [1]ભવ ચરિમ | ૪ | ઉપર મુજબ |
| દેસાવગાસિય | ૪ | ઉપર મુજબ |

આ ઉપરથી જોઇ શકાશે કે પોરિસી અને સડ્ઢ-પોરિસીના, પરિમડ્ઢ અને અવડ્ઢના, એગાસણ અને બિયાસણના, નિવ્વિગઇ અને વિગઇના, આઠ પ્રકારના સંકેત અને દ્રવ્યાદિ ચાર પ્રકારના અભિગ્રહના તેમજ દિવસ-ચરિમ, ભવ-ચરિમ અને દેસાવગાસિયના આગારોની સંખ્યામાં અને નામમાં પણ સમાનતા છે.

**સાધુઓના વિશિષ્ટ આગારો**—એગાસણના પ્રત્યાખ્યાનમાં જે નિમ્નલિખિત આગારોનો ઉલ્લેખ છે તે પાંચે સાધુઓને જ અંગેના છેઃ—

લેવાલેવ, ગિહત્થ-સંસિટ્ઠ, ઉક્ખિત્ત-વિવેગ, પડુચ્ચ-મક્ખિય અને પારિટ્ઠાવણિયા.

આ આગારો સાધ્વીઓ માટે પણ છે. 'ચોલપટ્ટ' નો આગાર કેવળ સાધુઓ માટે જ છે.

૧ આ સાગાર ભવચરિમને અંગે ચાર આગાર છે, પરંતુ નિરાગાર ભવચરિત્ર પ્રત્યાખ્યાનને અંગે તો અણા અને સહસા એમ બે જ છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગરનું નૂતન પ્રકાશન

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો છપાવવાની હોવાથી જેમને જોઇએ તેઓ નકલ દીઠ રૂા. ૨) મોકલી અગાઉથી નામ નોંધાવશે તેમની પાસેથી ત્યાર પછી રૂા. ૨) જ લેવામાં આવશે, જ્યારે પાછળથી લેનાર માટે બુકની કિંમત રૂા. પાંચ થશે.

આ બુકની અંદર જે કથાઓ આપેલ છે તે કથાઓ બોધ આપનાર હોવાથી બહુજ ઉપયોગી છે દરેક વ્રતનું સ્વરૂપ બહુ સારી રીતે આપ્યું છે. કર્માદાનનું-ચૌદ નિયમનું-ચાર પ્રકારનું અનર્થ-દંડનું સ્વરૂપ બહુ સ્પષ્ટતાથી આપેલું છે.

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

For Private And Personal Use Only

# સમકિત અંગે તાત્ત્વિક વિચારણા

( ૫ )

લે. શાહ ચત્રભુજ જેચંદ

આ માસિકના શ્રાવણ–ભાદરવા માસના અંકમાં સમકિતના બીજા ત્રીજા લક્ષણ સંવેગ નિર્વેદ ઉપર વિચાર કરવામાં આવેલ છે. હવે આ લેખમાં ચતુર્થ લક્ષણ અનુકંપા ઉપર વિચારવાનું પ્રાપ્ત થાય છે.

અનુકંપા એ આત્મ તત્ત્વનું જ લક્ષણ છે. જીવ માત્રને સુખ જોઇએ છે. આ સંસારમાં સુખી જીવો બહુ ઓછાં છે. પ્રાય: જીવો દુ:ખવ્યાપ્ત છે. તેવાં દુ:ખી જીવો પ્રત્યે લાગણી શૂન્યતાને બદલે સમવેદના અનુભવવી તેમના દુ:ખ નિવારણ માટે દયાભાવ કરૂણાભાવનું ચિંતન કરવું તે જેઓમાં કાંઇક આત્મ જાગૃતિ આવેલ હોય અને પોતાના આત્મા સમાન બીજાઓમાં પણ આત્મા છે તેની સમજણ હોય તે ધરાવી શકે છે. પોતાને જેમ સુખ જોઈએ છે તેમ દરેક પ્રાણી સુખ ઇચ્છે છે, પોતે દુ:ખી હોય તો દુ:ખથી મુક્ત થવા અને સુખ પ્રાપ્તિ માટે બીજાની દયા મદદ ઇચ્છે છે, માંગે છે તેમ બીજા પ્રાણીઓ પણ દુ:ખથી મુક્ત થવા અને સુખ પ્રાપ્ત કરવા બીજાની મદદની અપેક્ષા રાખે છે. કેટલાક સત્ત્વશાળી આત્માઓ બીજાની ખાસ કોઇ મદદ વગર પોતાના જ પુરૂષાર્થથી સુખી થાય છે, અને કેટલાક દુર્ભાગી મૂર્ખ જેવા મનુષ્યો પોતાના જ હાથે કરીને દુ:ખી થાય છે, તેવાઓનો અહીં વિચાર કરવાનો નથી. સામાન્ય રીતે તો સર્વ કોઇને દુ:ખ નિવારણ માટે બીજાની મદદની અપેક્ષા રહે છે. એવી મદદ જેઓ સુખી હોય અને મદદ કરવા શક્તિશાળી હોય તે કરી શકે છે. એવા દુ:ખી પ્રાણીઓના દુ:ખ નિવારણ માટે જે ભાવ પેદા થાય તેનું નામ અનુકંપાભાવ મનુષ્ય ગમે તે ધર્મ પાળતો હોય પણ તેનામાં થોડી પણ આત્મજાગૃતિ હોય તો દુ:ખી પ્રાણીઓના દુ:ખ નિવારણ માટે તેને વિચાર આવે જ છે. તેવો ભાવ–વિચાર પોતાનામાં રહેલા આત્મ તત્ત્વની કુદરતી પ્રેરણા છે. દુ:ખથી પીડાતા પ્રાણીઓના દુ:ખ જોઇને તેના દુ:ખ નિવારણની બુદ્ધિ થાય નહિ તેવો મનુષ્ય તદ્દન જંગલી અથવા તદ્દન નિષ્ઠુર ધર્મહીન હોવો જોઇએ. દુ:ખ નિવારણ માટે અનુકંપા ભાવની આ સામાન્ય વાત થઈ. તે આ દુનિયામાં ગમે તે ધર્મ પાળતા મનુષ્યમાં વધુ ઓછા અંશે જોઈ શકાય છે.

હવે આત્મ તત્ત્વની દ્રષ્ટિએ અનુકંપા ભાવ ઉપર વિશેષ વિચાર કરીએ. સમકિતિ જીવ જેવો પોતાના આત્માને માને છે તેવો જ દેહભિન્ન છતાં બીજાના આત્માને માને છે. જીવ ભલે તેવો નિગોદાદિ નિકૃષ્ટ કોટિનો હોય કે આત્મ શુદ્ધ ઉત્કૃષ્ટ કોટિનો અથવા દેવાદિક ઉચ્ચ ગતિનો હોય પણ શુદ્ધ આત્મદ્રષ્ટિએ સૌ સમાન જ છે. જે તરતમતા છે તે વિકાસની ભૂમિકાની છે. સમકિતિ જીવની ભૂમિકા અન્ય પ્રાણીઓ કરતાં ઘણી ઉચી હોય છે. જેમ કોઇ કારણે તળાવમાં ડૂબતા માણસને બચાવવાની કાંઠે ઊભેલા માણસને સ્વાભાવિક પ્રેરણા થાય છે અને શક્તિ હોય તો બચાવવા પ્રયાસો પણ કરે છે તેમ સમકિતિ જીવને આ સંસારના દુ:ખમાં સબડતા પ્રાણીઓને બચાવવાની કુદરતી પ્રેરણા થાય છે. દુ:ખ બે પ્રકારનું હોય છે. એક અજ્ઞાન જન્ય મિથ્યાત્વ મોહ જનિત, બીજુ ભૌતિક અથવા શારીરાદિક જીવન વ્યવહાર નિર્વાહ અંગે પૌદ્ગલિક અજ્ઞાન મિથ્યાત્વ મોહ જનિત દુ:ખ. આ સંસારના સર્વ દુ:ખોનું મૂળ છે. તેનું નિવારણ સમ્યક્દર્શન જ્ઞાનથી જ થઈ શકે. તીર્થંકરો, સંત મહાત્મા પુરૂષો સદ્ગુરુઓ સંસારના દુ:ખનું મૂળ સમજીને તેના નિવારણ માટે ધર્મોપદેશ આપે છે તે ઉત્કૃષ્ટ અનુકંપા યાને દયાભાવ છે. તીર્થંકર નામ ઉપાર્જન, તીર્થંકરપદની પ્રાપ્તિ સર્વ ભવ્ય જીવોના દુ:ખ દર્દોના નિવારણ માટે ઉત્કૃષ્ટ અનુકંપા દયાભાવનું પરિણામ છે. ગણધર ભગવંતો, સંત મહાત્મા પુરૂષો, મહાન્ ધર્મ ગુરુઓ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરેમાં પણ આવી ભાવના વધતા ઓછા અંશે હોય છે. પણ આવા અનુકંપા ભાવથી જેઓ સતત્ પૌદ્‌ગલિક દુઃખોનુ નિવારણ ઇચ્છે છે તે થઇ શકતુ નથી. ઘણા ખરા જીવોને ભૌતિક પૌદ્‌ગલિક દુઃખ નિવારણ જોઇએ છે. તેવુ દુઃખ નિવારણ પણ કેટલાક અંશે ધર્મપ્રાપ્તિ અને સમકિત પ્રાપ્તિ માટે નિમિત્ત બને છે ઘણા ખરા પ્રાણીઓ પૌદ્‌ગલિક દુઃખોથી પીડાતા હોય છે. જીવન ધારણ પોષણ માટે આવશ્યક આહારાદિક સાધનોની ન્યૂનતા ભૂખ તરસ વગેરેથી ઘણા પીડાતા હોય છે. તેવા દુઃખોનુ નિવારણ થાય નહિ તો ઘણા ખરા મનુષ્યો પાસે ધર્મની આત્માની ગમે તેટલી વાતો કરો, ઉપદેશ આપો તો તેને લાગશે નહિ. એટલે દુઃખી જનોના દુઃખ દર્દો દૂર કરવા એકલા જૈન ધર્મમાં નહિ પણ લગભગ દરેક ધર્મમાં દાનની મુખ્યતા ગણાવી છે. તીર્થંકર ભગવંતો દીક્ષા ગ્રહણ કરે તે પહેલાં એક વર્ષ સુધી જેટલુ પુષ્કળ દ્રવ્ય દાન આપે છે તેની પાછળ ધર્મ સ્થાપન પહેલાં લોકોના ભૌતિક દુઃખ નિવારણનો હેતુ સમજાય છે. તીર્થંકર વિચરે ત્યાં તથા તીર્થંકર ભગવંતના સમવસરણ આસપાસ અમુક યોજન—ગાઉની મર્યાદામાં કોઈ દુષ્કાળ મહામારી વગેરે ઉપસર્ગ કે રોગ હોય નહિ, દુર્ભિક્ષ ન હોય એટલે લોકો આહારાદિક સાધનોના અભાવે દુઃખી ન હોય, રોગાદિક ઉપદ્રવ કારણે રોગગ્રસ્ત ન હોય, તે સ્થિતિ ધર્મપ્રાપ્તિની પાર્શ્વ ભૂમિકા છે.

આધ્યાત્મિક વિકાસનુ મૂળ સમકિત છે અને સમકિતના પગલે પગલે આધ્યાત્મિક વિકાસ સાધના કેવળજ્ઞાન દર્શન ચારિત્રરૂપ તેરમુ ગુણસ્થાનક સાધી શકાય છે. ત્યાં જીવ માત્રની કલ્યાણ ભાવનાનો 'સવિ જીવ કરૂં શાસન રસી'નો ઉત્કૃષ્ટ અનુકંપા ભાવ અનુભવાય છે. એટલે સમકિત સાથે અનુકંપા ભાવ દ્રવ્ય તેમજ ભાવથી મૂળમાંથી જ જોડાયેલ છે. સમકિતિ જીવ દુઃખી પ્રાણીઓના દુઃખ દૂર કરવા હંમેશાં ભાવના ધરાવે છે અને તે માટે શક્ય હોય તેમ પ્રયાસ કરે છે. સમકિતિ જીવ જેમ આધ્યાત્મિક સાધના માટે પ્રશમ, સંવેગ, નિર્વેદ ભાવરૂપ નિવૃત્તમય ગુણોનું સેવન કરે છે તેમ અનુકંપા ભાવરૂપ પ્રવૃત્તિમય ગુણોનુ પણ સેવન કરે છે. સમકિતના બીજા લક્ષણો માફક અનુકંપા પણ મહત્વનું લક્ષણ છે, સમકિતિ જીવ અન્ય જીવોને આત્મ સમાન ગણી તેમની આધ્યાત્મિક સાધનામાં શક્ય હોય તેમ મદદરૂપ થવા ઉપકારી થવા અનુકંપા ભાવનુ સેવન કરે છે. સમકિતના પ્રથમના ચાર લક્ષણો પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપાનો પરસ્પર કેવો સંબંધ છે તે આ ઉપરથી જોઈ શકાશે. અનુકંપા ભાવમાં અહિંસાનો સમાવેશ થઇ જાય છે. અનુકંપા એટલે દયાભાવ. પરોપકાર બુદ્ધિ જેનામાં હોય તે હિંસક હોઈ શકે જ નહિ જે બીજાના દુઃખ દર્દો દૂર કરવા સતત્ ભાવના રાખે તે હિંસાદિક કર્મોથી બીજાને દુઃખી કરે નહિ. અલબત્ત તે અનુકંપા અહિંસામાં સંધક ભેદે તરતમતા હોય. સમકિતની જેમ વિશુદ્ધિ, આધ્યાત્મિક વિકાસ જેમ વધારે તેમ અનુકંપા અહિંસાભાવ વધતા પરિણામે હોય. પોતાના કારણે અન્ય જીવો દુઃખી થાય તેવી હિંસાદિક પ્રવૃત્તિથી તે શક્ય હોય તેમ દૂર રહે. અનુકંપા માફક આ લેખમાં અહિંસા ઉપર વિશેષ વિવેચનની જરૂર નથી તેથી ટૂંકમાં જ ઉલ્લેખ કરેલ છે.

હવે પછીના લેખમાં સમકિતના મૂળભૂત ગુણ આસ્તિક્ય નામે પાંચમા લક્ષણ ઉપર વિચાર કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુપાત્ર દાન

ડૉ. વલભદાસ નેણસીભાઇ–મોરબી

ઉત્તમ પાત્રમાં દાન આપવાને સુપાત્ર દાન કહે છે. આ દાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ છે. સુપાત્રમાં જે પાત્ર શબ્દ છે તે વાસણ કે બીજા પદાર્થ આશ્રયી નથી, પણ લાયકાતપણાને આશ્રયી છે. જેનામાં ઉત્તમ લાયકાત હોય તે સુપાત્ર કહેવાય છે. સુપાત્ર દાનથી પરા ભક્તિ, પરમ–જ્ઞાન અને પરમાત્મ દશાની પ્રાપ્તિ થાય છે. ચિત–વિત અને પાત્ર એ ત્રણેનો યોગ સમપણે પરિણમે તો જ સુપાત્ર દાન કહી શકાય છે.

સત્પુરૂષને પ્રસન્નતા તથા નિષ્કામના સહિત, ચિત્તની નિર્મળ ભાવના પૂર્વક સત્ય તથા ન્યાય-સંપન્ન દ્રવ્યનું જે દાન કરવું તેને જ્ઞાની ભગવાન સુપાત્ર દાન કહે છે.

એક મુનિ, એક સુતાર અને એક હરણનું આ દ્રષ્ટાંત સુપાત્ર દાનનો આબેહુબ ખ્યાલ આપી રહે છે.

પરમ જ્ઞાની બલભદ્ર મુનિ જંગલમાં એકાંત સ્થળે રહેતાં અહર્નિશ પ્રભુ ધ્યાનમાં જ નિમગ્ન રહેતાં હતાં. શરીરના પોષણ માટે જંગલમાં ભિક્ષા મળે તો તે ગ્રહણ કરતાં, નહિં તો અનાહારપણે આત્મધ્યાનમાં લીન રહેતાં હતાં. તેમનાં પવિત્ર ચારિત્ર અને આત્મિક શાંતિના પ્રભાવથી તે વનમાંના સિંહ–વ્યાઘ્ર, સર્પ–નોળિયા બિલાડાં–ઉંદર; હરણ–ગાય વિગેરે પશુઓ પોતાના વેર–વિરોધને ભૂલી જઇ, મહાત્માના અદ્દભુત પ્રભાવથી, સ્નેહથી સાથે હળતાં–રમતા, મુનિરાજ પાસે આવતાં હતાં. મહામુનિ તેમને અંતર્વિશુદ્ધિ થવા અર્થે ધર્મનો સદ્દબોધ આપતા જેથી પશુઓ અતિ પ્રસન્નતાને પામી આનંદ કલ્લોલ કરતાં હતાં. તેમાં એક સરળ સ્વભાવી હરણ મહાત્મા પ્રત્યે બહુ જ પ્રીતિ અને પૂજ્યભાવથી વર્તતો હતો મહાત્માના દર્શન તથા સમાગમથી પ્રસન્ન ચિતવાળો થઇ પરમ આનંદ પામતો હતો. સંતની સેવા માટે જંગલમાં મનુષ્યોને જવા આવવાના રસ્તાઓ તરફ નજર રાખી વટેમાર્ગુને જોતો અને જે કોઇ વટેમાર્ગુ પાસે ખાવાનં ભાતં દેખે તો તેનું વસ્ત્ર પકડીને મુનિ પાસે લઇ જતો વા મુનિના વસ્ત્રને પકડી સંજ્ઞા કરી વટેમાર્ગુ પાસે મહાત્માને લઇ આવતો હતો. મહાત્માને જોઈ વટેમાર્ગુઓ પોતાની પાસે ખાવાનું હોય તે તેને આપતાં હતાં. ગુરૂ મહારાજને આહાર મળવાથી પોતાની સેવા સફળ થઈ જાણી હરણ અત્યંત આનંદ પામતો હતો.

એક સમયે એક સુતાર પોતાના પેટ પુરતુ ખાવાનું ભાતું લઇને તે વનમાં લાકડા કાપવાને આવ્યો. ત્યાં ઝાડની એક મોટી ડાળીને કાપતાં કાપતાં તેને ઝાડથી છૂટી પાડવાની તેયારીમાં હતો, એવામાં આ સુતાર પાસે આહાર છે એમ જાણી હરણ–મહારાજાને સંજ્ઞા કરી ઝાડ પાસે લાવ્યો. થોડે છેટથી શાંતમૂર્તિ મહાત્મા મુર્તિને જોઈ પૂર્વના સંસ્કારથી સુતારના હ્રદયમાં મુનિ પ્રત્યે પ્રેમ–ભક્તિ તથા પૂજ્યતા ઉત્પન્ન થયાં. આવા મનુષ્યહીન ભયંકર જંગલમાં જંગમ તીર્થ(સાધુ)ને જોઈ અતિ પ્રસન્ન ચિતવાળો સુતાર હર્ષના આવેશમાં એકદમ ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને મુનિના ચરણ–કમળમાં નમસ્કાર કરી તેમના દર્શનથી પોતાનું શ્રેય માનનાર સુતારે આહાર માટે આગ્રહ કર્યો. સુતારના હ્રદયની પ્રસન્નતા તથા નિર્મળ ભક્તિ જોઈ મુનિએ તેની પાસેથી આહાર લીધો. એવામાં કાપતાં કાપતાં થોડી બાકી રહેલ ડાળને પવનનો ઝાપટો લાગતાં તે એકદમ તુટી પડી અને નીચે જ્યાં મુનિ, હરણ અને સુતાર ત્રણે ઉભા હતા ત્યાં તેમની ઉપર પડી. ઘણી જ વજનદાર ડાળના પડવાથી ત્રણે જણ સમાધિમય કાળ કરી એકાવતારીપણે ત્રણે સાથે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. અને ત્યાંથી ત્રણે જણ મનુષ્ય જન્મ ધારણ કરી, પરમપદ મોક્ષપદને પામશે.

અનર્ગલ રાજરિદ્ધિ, સુંદર સ્વરૂપવાન પતિવ્રતા સ્ત્રીઓ, હાથી, ઘોડા–રથ, નોકરોની સાહ્યબી, સ્વર્ગના વિમાન સમાન સુશોભિત મહાલયો, અનેક પ્રકારના સુખોની સામગ્રી વિગેરે છતાં રિદ્ધિ–સિદ્ધિ અને સંપદાને ત્યાગી જંગલમાં જીંદગી વ્યતિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર, બાહ્ય તથા અભ્યંતર સંસારની ઉપાધિથી વિરક્ત થઇ, નિસ્પૃહીપણે જીવન ગાળનાર અહર્નિશ આત્મ ચિંતવન, પ્રભુ ભક્તિ અને આત્મોપયોગમાં રમણ કરનાર, ક્ષુધા, તૃષા, શીત-તાપ વિગેરેના ભયંકર ઉપસર્ગો સહન કરનાર, જીંદગીભર ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર સાધુ, જંગલમાં રહેનાર અજ્ઞ પ્રાણિ હરણ અને જીંદગીભર જેણે સાધુ દર્શન કે સત્સમાગમ કર્યો નથી, માત્ર અત્યારે એક જ વખત મુનિને આહાર આપનાર સુતાર એ ત્રણેની એક સરખી દશા ! ત્રણેનો એક જ સમયે કાળ ! ત્રણેની દેવલોકમાં તથા મોક્ષમાં પણ સાથે જ ગતિ ! ક્યાં જંગલમાં જડમતિ જીવન ગાળનાર હરણ ! ક્યાં જડમતિ સુતાર ! છતાં જે દશા મુનિએ અનેક કષ્ટો વેઠી જીંદગીભર ચારિત્ર પાળીને મેળવી તે દશા હરણ અને સુતારે એક ક્ષણ માત્રમાં મેળવી, આનું કારણ ! ત્રણેમાં એવો તે કયો સરખો ગુણ ઉત્પન્ન થયો કે ત્રણેની સરખી ગતિ અને સમાન દશા ! મુનિ સુતાર અને હરણમાં એક ગુણ ઉત્કૃષ્ટપણે એક સરખો એ હતો કે દાન આપવા તથા લેવાના સમયે ત્રણેની આત્મિક વૃત્તિ અંતરપણાને પામી, દેહાધ્યાસ બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો અત્યંત નાશ થયો હતો. ઘણા વખતના તપસ્વી મહાત્માને આહાર શોધી આપવાની ભક્તિમાં ઉત્કૃષ્ટપણે હરણનું ચિત્ત પ્રસન્ન થવાથી આહાર માગનાર સુતારની ભક્તિનુ અનુમોદન કરતાં મુનિ પ્રત્યેની ગુરૂ ભક્તિમાં એકાગ્રપણે સ્થીરપણાને પામતાં "આ વૃક્ષ ઉપરથી ડાળ પડશે અને અમે કચરાઇ જશું એવો દેહભાવ જ ન હોવાથી મુનિ ભક્તિમાં પોતાનું દેહ લક્ષ્ય ભૂલાઇ ગયું. પોતાના પેટ પોષણ જેટલું લાવેલ અન્ન તે મુનિને જોઈ આપવા તૈયાર થયો વનમાં રખડવાની તથા લાકડા કાપવાની મહેનત કરતાં મધ્યાન્હ સમય થતાં, મને ખાવાનું જોઇશે એવું લક્ષ્ય ભૂલાઇ જઇ મુનિને આહાર આપી દઇશ તો પછી હું શું ખાઇશ ! મહેનતથી પરિશ્રમિત અને ક્ષુધાતુર થયેલ હું આહાર વિના ઘેર કેમ પહોંચી શકીશ ! એવો વિકલ્પ ન કરતાં સસ્કાર બળથી મુનિને દેખતાં જ તેના અંતરમાં પ્રીતિ અને પ્રસન્નતા પ્રગટ થતાં ત્વરાથી ઝાડ ઉપરથી નીચે ઉતરી મુનિના ચરણમાં નમસ્કાર કરી પોતાની પાસે ખાવાનું હતું તે બધું આપી દીધું. ભિક્ષા આપતી વખતે ભક્તિ તથા ચિત્તની પ્રસન્નતા ઉત્કૃષ્ટપણે પ્રગટ થયેલ હોવાથી આ ઝાડની ડાળ પડશે તો મારૂં મરણ થશે એવી દેહ મૂર્છા તથા બાહ્યદ્રષ્ટિના વિકલ્પ પણ ન થતાં એકાગ્ર ભાવમાં લીન થતાં દેહાધ્યાસ બુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો નાશ થવાથી આત્મસિદ્ધિ મેળવી શકયો. જંગલમાં રહેનાર પશુની પણ આવી ગુરૂભકિત જોઈ તેનું શ્રેય કરવાની ભાવનામાં, તથા આ સુતાર કે જે ગામમાંથી કેટલો દૂર વનમાં રખડી લાકડાં કાપતાં મહેનતથી થાકી ગયો છે, ક્ષુધાથી અશક્ત થઇ ગયો છે, છતાં ગુરૂ ભક્તિમાં પોતાનું શું થશે તેનો અંશ માત્ર પણ વિચાર ન કરતાં પોતાનો આહાર મને આપે છે. આવા સરલ સ્વભાવી અને ગુરૂપ્રેમી આત્માનું કલ્યાણ કેમ કરૂં ! એવી કરુણામાં નિષ્કામ ભકિત કરનાર પવિત્ર ભક્તો તરફ કરૂણામાં એકાગ્ર થતાં આત્મ સ્વભાવમાં સ્થીર થવાથી આ ઝાડની ડાળ નીચે તૂટી પડતાં મારૂં મરણ થશે, એ લક્ષ્ય લય પામી જતાં દેહાધ્યાસ બુદ્ધિનો નાશ થઈ ગયો. એમ ત્રણેની એકાગ્રતા અને અંતર સ્થીરતા એક સરખી થઇ જવાથી સમાન દશા અને સમાન ગતિને પામ્યા. ગુરૂભકિતમાં એકાગ્રપણે રહે તેને જ ચિત પ્રસન્નતા કહે છે. તેવી પ્રસન્નતા સુતારમાં અને હરણમાં ઉત્કૃષ્ટપણે હતી, તેમજ વિત પણ પોતે મજુરી કરી ઉપાર્જેલ સાચી કમાણીનું હતું, કુડ, કપટ તેમજ અનીતિ રહિત હતું, અને પાત્ર પણ ઉપર જણાવ્યા પ્રમાણે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થયેલ પરમ જ્ઞાની-સર્વોત્તમ સત્પુરૂષ હતા. દાન આપવામાં કોઈ જાતની સાંસારિક સુખેચ્છા રાખવામાં આવી ન હતી, પણ નિષ્કામ ભાવના જ હતી; તેથી એક જ વખતના અલ્પ દાનથી પણ અનંત ભવભ્રમણમાંથી મુકત થઈ પરમપદને પામી શકયા.

શાસ્ત્રનું ટંકશાળ વચન છે કે "કરણ-કરાવણ અને અનુમોદન સરખાં ફળ નીપજાવે રે."

ૐ શાંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ—પુસ્તક ૮૧મું

## સં. ૨૦૨૧ના કાર્તિકથી આસો માસ સુધીની

# વાર્ષિક અનુક્રમણિકા

## પદ્ય વિભાગ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષ શુભાશિષ | ભાસ્કરવિજય | ૧ |
| ૨ | શ્રી પંચપરમેષ્ઠી સ્તુતિ | મુનિ હેમચંદ્રવિજયજી | ૧૩ |
| ૩ | જૈનધર્મ પ્રકાશ જય પામો | મનમોહનવિજયજી | ૧૩ |
| ૪ | નેમનાથના નવ ભવનું સ્તવન | મુનિ ભાસ્કરવિજયજી મહારાજ | ૧૫ |
| ૫ | શાનો છે અભિમાન | કવિ સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૩૭ |
| ૬ | વીશ વિહરમાન પ્રભુના લંછન | મુનિ ભાસ્કરવિજયજી મહારાજ | ૪૯ |
| ૭ | ચંદ્રમા | સાહિત્યચન્દ્ર બાલચંદ હીરાચંદ | ૬૧ |
| ૮ | પ્રભુ પ્રાર્થના | 'સુધાકર' સુરેશકુમાર કે. શાહ | ૭૩ |
| ૯ | પર્વ પર્યુષણ આવ્યા | મોહનલાલ ગિરધરભાઈ ભોજક | ૮૫ |
| ૧૦ | પુંડરિકસ્વામીનું સ્તવન | મનમોહનવિજય | ૯૭ |


## ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષાભિનંદન | દીપચંદ જીવણલાલ શાહ | ૨ |
| ૨ | શ્રી વર્દ્ધમાન–મહાવીર મણકો રજો લેખાંક ૨ | સ્વ. મૌક્તિક | ૪ |
| | ,, ૩–૪–૫–૬ | | ૧૪–૨૬–૩૮–૫૦–૫૭ |
| | ,, ૭–૮–૯–૧૦ | | ૬૨–૭૪–૮૬–૯૮ |
| ૩ | વિવિધતામાં સુંદરતા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૬ |
| ૪ | સુજસવેલિ અને ઐતિહાસિક વસીપટ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૯ |
| ૫ | ગ્વાલિયર | મુનિ વિશાળવિજયજી | ૧૨ |
| ૬ | આશાની શૃંખલા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૮ |
| ૭ | કષાયો સંબંધી સાહિત્ય સજ્ઝાયો | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૨૧ |
| ૮ | ઉપાધ્યાય વિમલહર્ષ ભાસ | શ્રી અગરચંદ નાહટા | ૨૫ |
| ૯ | મુક્ત થવાની ઇચ્છા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૨૯ |
| ૧૦ | જૈન આગમિક સાહિત્યનો સન્દર્ભ ગ્રન્થ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૩૨ |
| ૧૧ | સમકિત અને તત્ત્વોની વિચારણા : ૧ | શાહ ચતુર્ભુજ જેચંદ | ૩૪ |
| ૧૨ | દીક્ષીત દેવદત્ત રચિત સંમેતશિખર મહાત્મ | શ્રી અગરચંદ નાહટા | ૩૭ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૩ | પૂજા+અરિ=પૂજારી | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૪૧ |
| ૧૪ | ગ્રન્થના સાતત્યની અભિલાષા | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૪૪ |
| ૧૫ | સમકિત અંગે તાત્વિક વિચારણા : લેખાંક ૨-૩-૪-૫ | શાહ ચતુર્ભુજ જેચંદ | ૪૬-૮૧-૯૫-૧૦૭ |
| ૧૬ | ચાર કષાય સંબંધી એક ઉલ્લેખનીય કૃતિ | શ્રી અગરચંદ નાહટા | ૪૮ |
| ૧૭ | માનવ નાટકિયો છે | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૫૨ |
| ૧૮ | તેર કાઠિયા | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૫૫ |
| ૧૯ | આનંદઘનજી કે કતિપદ અપ્રસિદ્ધ પદ | શ્રી અગરચંદ નાહટા | ૫૯ |
| ૨૦ | કૃતજ્ઞતા અને કૃતઘ્નતા | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૬૬ |
| ૨૧ | જૈન નિયમો અને છત્રીસ ઉપનિષદો | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૬૮ |
| ૨૨ | સ્વામિવાત્સલ્ય | ડો. વલ્લભદાસ નેણશીભાઈ | ૭૩ |
| ૨૩ | કર્મના દલોનું કાર્ય | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૭૮ |
| ૨૪ | મહાવીરસ્વામીના ત્રિદંડી તરીકેના સાત ભવો | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮૦ |
| ૨૫ | ભક્તિ | ડો. વલ્લભદાસ નેણશીભાઇ | આષાઢ ટા. પેજ ૩ |
| ૨૬ | પર્યુષણ પર્વ અંગેનું સાહિત્ય | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮૯ |
| ૨૭ | આગારોનું અવલોકન | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૦૧ |
| ૨૮ | સુપાત્ર દાન | ડો. વલ્લભદાસ નેણશીભાઈ | ૧૦૮ |


## પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧ | પુસ્તકોની પહોંચ | ૩૮-૬૨-૭૪-૧૧૩ |
| ૨ | વાર્ષિક અનુક્રમણિકા | ૧૧૧ |


## ખેદકારક સ્વર્ગવાસ

૧. ભાવનગરનિવાસી શાહ દેવચંદ દુર્લભદાસ તા. ૧૩-૯-૬૫ મંગળવારના રોજ થયેલ સ્વર્ગવાસની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ. તેઓ આ સભાના ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેઓ ધર્મશ્રદ્ધાળુ હતા. સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેઓના પુત્ર ખોડીદાસ વગેરેને દિલાસો આપીએ છીએ.

૨. શેઠ વૃજલાલ દયાળના ભાવનગર મુકામે તા. ૩-૮-૬૫ ને મંગળવારના રોજ થયેલ સ્વર્ગવાસની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ. તેઓશ્રી સભાના ઘણા વર્ષોથી સભાસદ હતા. સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેઓના પુત્ર મહાસુખભાઇ વગેરેને દિલાસો આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समालोचना

**ગૃહલક્ષ્મી-જીવનદીપ** (અ સૌ. લક્ષ્મીબહેન જીવનરેખા) —પ્રયોજક-ફૂલચંદ હરિચંદ દોશી મહુવાકર. પ્રકાશકઃ-શિવ સદન ગ્રંથમાળા કાર્યાલય, મઢડા. મૂલ્ય : ગૃહે ગૃહે લક્ષ્મી.

આ પુસ્તકમાં સ્વ. લક્ષ્મીબહેનના જીવનના સંસ્મરણોને યાદ કરી-મેળવી એમને શબ્દ-દેહ આપ્યો છે. આ પુસ્તકમાં "કરિયાવર" નામની પુસ્તિકાનું લખાણ પણ પ્રકાશિત કરેલ છે. "ગૃહલક્ષ્મી-જીવન-દીપ" આદર્શ ગૃહલક્ષ્મી અને પતિપરાયણ પત્ની થવા ઇચ્છતી બહેનોને પ્રેરણાદાયી છે અને "કરિયાવર" નાની બહેનોને જીવન ઘડતરમાં માર્ગદર્શક થાય તેવી છે.

**શ્રી અંચલગચ્છીય લેખ-સંગ્રહ** ખંડ ૧-૩. સંશોધક અને સંપાદકઃ-"પાર્શ્વ", પ્રકાશક-શ્રી અનંતનાથજી મહારાજનું જૈન દેરાસર અને તેનું સાધારણ ફંડ. ૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઈ ૯

શ્રી અંચલગચ્છના પૂર્વાચાર્યોના સદુપદેશથી અંચલગચ્છના શ્રાવકોએ જે જે જિનબિંબો, પંચ-તીર્થીઓ, ચોવીસ પટ્ટાઓ ભરાવ્યા છે, પ્રતિષ્ઠિત કર્યા છે અગર જિન મંદિરો તેમ જ ઉપાશ્રયો બંધાવ્યા છે તેની યાદી તૈયાર કરીને પુસ્તકરૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અંચલગચ્છના ઇતિહાસ પર પ્રકાશ પાડતા તામ્રલેખો, શિલાલેખો, પાષાણ પ્રતિમા લેખો કે ધાતુ મૂર્તિલેખો ઇત્યાદિનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવેલ છે.

**અમરસાધનાઃ**—સાધક અમરચંદ માવજી શાહ. સહાયક ઉત્તમચંદ હરગોવિંદદાસ શાહ. •-૨૫ સ્ટેમ્પ મોકલવાથી ભેટ મળી શકશે. ઠે. અમરચંદ માવજી શાહ જૈન ધર્મશાળા, તળાજા (સૌરાષ્ટ્ર).

"અમરસાધના" એટલે આત્માનાં અમરતત્ત્વનું ભાન કરાવનારી સાધના. સાધક સ્નેહી ભાઇશ્રી અમરચંદભાઇની સાધનાની અનુભૂતિમાંથી સ્વાભાવિક રીતે લખાયેલ વાક્યો આ પુસ્તકમાં આપેલા છે. આત્મજ્ઞાનનો અનુભવ કરવા માટે પ્રસ્તુત વાક્યો વાંચવા, મનન કરવા અને પરિશીલન કરવા યોગ્ય છે.

**जिनस्नात्र-विधिः तथा अर्हदभिषेकविधिः-सम्पादक-भगवान् श्रेष्ठितनुजः पण्डितोपाह्वो लालचन्द्रः, प्रयोजक-श्रेष्ठी श्री अमृतलाल कालिदास दोशी बी. ए. प्रकाशकम्-जैन साहित्य-विकास-मण्डलम्, वीलेपारले मुंबई-५६ A. S. मूल्यम् रु. २.**

શ્રી જૈનસ્નાત્ર વિધિ તથા શ્રી અર્હદભિષેક વિધિ એમ બન્ને ગ્રંથોનો સમાવેશ કરતું આ પુસ્તક પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતોના સ્નાત્ર-પ્રસંગના અલંકારિક વર્ણન સાથે પ્રાચીન વિધિ પર સારો પ્રકાશ પાડે છે.

ઉપર્યુક્ત ગ્રંથોનો ગ્રંથકારો અને પંજિકાકારો સાથેનો તલસ્પર્શી પરિચય આ ગ્રંથના સંપાદક, અનુવાદક પ્રાચ્યવિદ્યા-મંદિર, વડોદરાના નિવૃત્ત જૈન પંડિત શ્રીયુત લાલચન્દ્ર ભગવાન ગાંધીએ વિસ્તૃત પ્રસ્તાવના દ્વારા આપ્યો છે.

પુસ્તકની વસ્તુ ઉત્તમ કોટિની છે. જે ભવ્યાત્મા તેમાં દર્શાવેલ ઉપાસનાનું રહસ્ય પોતાના જીવનમાં ઉતારશે તો તેને અવશ્ય લાભ થશે.

બા. બ્ર. વિદુષી લીલાવંતી મહાસતીજીએ રાજકોટ ચાતુર્માસ સં. ૨૦૨૦માં આપેલા વ્યાખ્યાનો **"શ્રી મૃગાપુત્રનો અધિકાર"** ભાગ બીજો કિં. રૂા. ૨) પુસ્તક મળવાનું ઠેકાણું શ્રી સ્થાનકવાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

જૈન મોટા સંઘની ઓફીસ હજુર પેલેસ રોડ. રાજકોટ. આ પુસ્તક સભાને શાહ વલભદાસ ફૂલચંદ ભાઈ તરફથી ભેટ મળેલ છે.

ભગવાન મહાવીર પરમાત્માએ જીવનના ઉત્તરકાળે પ્રકાશેલા ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં મૃગાપુત્રની વાત આવે છે; એ કથાને મહાસતીજીએ પોતાની વિશિષ્ટ શૈલિવડે પ્રસ્તુત વ્યાખ્યાનોમાં ગુંથેલ છે.

**જૈનધર્મ ચિંતન**:—લેખક: દલસુખભાઇ માલવણિયા. સંપાદક–રતિલાલ દીપચંદ દેસાઇ. કિંમત રૂા. ૧–૫૦. પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો–અમદાવાદ.

પ્રસ્તુત લેખસંગ્રહમાં શ્રીયુત દલસુખભાઈના લેખોનો સંગ્રહ છે. કેટલાક લેખો ઐતિહાસિક દ્રષ્ટિને મુખ્ય રાખી લખાયેલા છે અને બીજા લેખો તત્ત્વદ્રષ્ટિને પ્રધાન રાખી લખાયેલા છે તેથી આ સંગ્રહ ઇતિહાસરસિકોને અને તત્ત્વ જિજ્ઞાસુઓને ઉપયોગી થઇ પડે તેમ છે આ લેખોના વાંચનમાંથી જૈન-દર્શન, ધર્મ અને સંસ્કૃતિ અંગે ઘણું જાણવાનું મળશે.

**શ્રી સમેતશિખર તીર્થદર્શન** વિભાગ ૧ થી ૫. પ્રકાશક: શ્રી સમેતશિખરજી જીર્ણોદ્ધાર સમિતિ, અમદાવાદ. કિંમત રૂા. ૮–૦૦ પ્રાપ્તિસ્થાન–શ્રી શિવતિલક જ્ઞાનચિત્ર મંદિર. મુ. પો. રામપુરા (સ્ટે. ભંકોડા) તા. વીરમગામ.

સમેતશિખરજી જૈનોનું ઉત્તમ તીર્થ છે. આ ચોવીશીના વીશ તીર્થંકરોની એ નિર્વાણભૂમિ છે. આ ગ્રંથના પહેલા વિભાગમાં આ તીર્થના જીર્ણોદ્ધાર કરાવનાર પૂજ્ય સાધ્વીજી શ્રી રંજનશ્રીજીના જીવનનો ટુંક પરિચય આપેલ છે. બીજા વિભાગમાં જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાનો અહેવાલ આપેલ છે. ત્રીજા વિભાગમાં પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજશ્રીએ સમેતશિખર સંબંધી દસ્તાવેજી સાહિત્યિક પુરાવાઓ આપી તીર્થનું ઐતિહાસિક દર્શન કરાવેલ છે. ચોથા વિભાગમાં સમેતશિખર તીર્થનું વર્ણન આપેલ છે અને પાંચમા વિભાગમાં સમેતશિખરજી તીર્થના સ્તવનો વગેરે આપેલ છે. પહેલા વિભાગ પછી સમેતશિખર તીર્થની બધી દેરીઓના, જળ મંદિરના, પ્રતિમાજી વગેરેના આશરે ૬૦ ફોટાઓ આપેલ છે.

સં. ૨૦૧૦ પૂજ્ય સાધ્વીજી શ્રી રંજનશ્રીજીએ ચોવીશ ઠાણા સહિત શ્રી સમેતશિખરજી મહા-તીર્થની યાત્રા અંગે પ્રયાણ કર્યું. લાંબા વિહાર પછી ચૈત્ર શુદ પુનમના રોજ આ મહાતીર્થની યાત્રા કરી. તે વખતે દેરીઓ, સ્તૂપો, જળ મંદિર વગેરેની જીર્ણ અવસ્થા જોઈ તેમનું હૃદય દ્રવી ઉઠ્યું અને આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવાનો સંકલ્પ કર્યો. સં. ૨૦૧૭ની કાર્તિક પુર્ણિમાના દિવસે શ્રી સમેતશિખરજી મહાતીર્થ તરફ પૂજ્ય સાધ્વીજીશ્રી રંજનશ્રીજીએ પંદર ઠાણા સાથે અમદાવાદથી વિહાર કર્યો અને મહા શુદ પાંચમના દિવસે તેઓશ્રી મધુવનમાં પધાર્યા અને તેઓશ્રીની હાજરીમાં શ્રી સમેત-શિખરજી મહાતીર્થમાં જીર્ણોદ્ધાર થયેલ ભવ્ય મંદિરમાં મુળનાયકજી શ્રી શામળિયા પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમાજી અને અન્ય પ્રતિમાજીઓનો પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો હતો. શ્રી સમેતશિખરજી અંગેની ફોટાઓ સહિત સંપૂર્ણ માહિતી હોવાથી આ ગ્રંથ યાત્રાળુઓને બહુ જ ઉપયોગી થશે એમ લાગે છે.

卐

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only